# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતમાં 19 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી બિહાર અને કર્ણાટકની મુલાકાતે – અનેક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

3) જૈન સમુદાયના 24મા અને છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરની જન્મજયંતિની આજે દેશભરમાં ઉજવણી.

4) સ્પેને ઈરાન પર હુમલામાં સામેલ અમેરિકાના વિમાનો માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કર્યું.

5) ભારતનાં શીતલ દેવીને વિશ્વ તિરંદાજી સંઘ દ્વારા 'પેરા આર્ચર ઓફ ધ યર 2025' તરીકે પસંદ કરાયાં.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REV. PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના એક દિવસીય મુલાકાતે છે. સવારે પ્રધાનમંત્રી ગાંધીનગરમાં સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ તેઓ અમદાવાદના સાણંદમાં કેયન્સ સેમિકોન પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે અને જાહેર સભાને સંબોધિત કરશે. ત્યારબાદ તેઓ વાવ-થરાદ જશે જ્યાં તેઓ આશરે 20 હજાર કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ....

## VC – પ્રવેશ અડીએચા

# PREZ-BIHAR KARNATAKA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી બિહાર અને કર્ણાટકની મુલાકાતે છે. શ્રીમતી મુર્મુ આજે બિહારના રાજગીરમાં નાલંદા યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે. આવતીકાલે રાષ્ટ્રપતિ કર્ણાટકના તુમાકુરુમાં શ્રી સિદ્ધગંગા મઠ ખાતે ડૉ. શ્રી શ્રી શિવકુમાર મહાસ્વામીજીની ૧૧૯મી જન્મજયંતિ અને ગુરુવંદના સમારોહમાં ઉપસ્થિત રહેશે.

# PM - NETHERLANDS PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નેધરલેન્ડના પ્રધાનમંત્રી રોબ ઝેટેન સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં મોદીએ જણાવ્યું હતું કે વાતચીત દરમિયાન ભારત-નેધરલેન્ડ સંબંધોને વધુ મજબૂત બનાવવાના પગલાં પર ચર્ચા કરવામાં આવી હતી.

બંને નેતાઓએ સેમિકન્ડક્ટર, મોટા પાયે હાઇડ્રો પ્રોજેક્ટ્સ, ગ્રીન હાઇડ્રોજન અને બંને દેશોના વિકાસ માટે પ્રતિભાના પરસ્પર આદાનપ્રદાન જેવા ક્ષેત્રોમાં ભાગીદારી વધારવાની પણ ચર્ચા કરી હતી. શ્રી મોદીએ જણાવ્યું હતું કે વાતચીત દરમિયાન પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર પણ ચર્ચા કરવામાં આવી હતી અને પ્રદેશમાં શાંતિ અને સ્થિરતાની વહેલી પુનઃસ્થાપનાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# SHIVRAJ- RABI SEASON

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે 2025-26 રવિ સિઝન માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) પર મોટા પ્રમાણમાં કઠોળ અને તેલીબિયાં ખરીદવા માટે હરિયાણા, ઉત્તરપ્રદેશ અને કર્ણાટક રાજ્ય સરકારો તરફથી પ્રસ્તાવોને મંજૂરી આપી છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે આનાથી ખેડૂતોને તેમના પાક ઓછા ભાવે વેચવાની મજબૂરીમાંથી રાહત મળશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે હરિયાણા, ઉત્તરપ્રદેશ અને કર્ણાટક માટે મંજૂર કરાયેલ ભાવ સહાય યોજના (PSS) દરખાસ્તો દ્વારા, ચણા, મસૂર, સરસવ અને કુસુમ જેવા મહત્વપૂર્ણ કઠોળ અને તેલીબિયાં પાકોની MSP પર ખરીદી કરવામાં આવશે. કુલ ખરીદી રકમ 11 હજાર 698 કરોડ રૂપિયાથી વધુ હશે.

# MAHAVIR JAYANTI

જૈન ધર્મના 24મા અને છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરની જન્મજયંતિ આજે દેશભરમાં ઉજવવામાં આવી રહી છે. આ દિવસે ભગવાન મહાવીરની પૂજા અર્ચના કરી રથયાત્રાનું પણ આયોજન કરાય છે. આ પર્વ કરુણા, સંયમ અને સત્યના વ્રતોનું પાલન કરવાનું શીખવે છે.

# PREZ-MAHAVIR JAYANTI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મહાવીર જયંતિ નિમિત્તે તમામ દેશવાસીઓને સહિત જૈન સમુદાયને શુભેચ્છાઓ પાઠવી છે. શ્રીમતી મુર્મુએ પોતાના સંદેશમાં કહ્યું કે ભગવાન મહાવીરના પાંચ સિદ્ધાંતો - અહિંસા, સત્ય, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - આપણને જીવનમાં ન્યાયના માર્ગે ચાલવા માટે પ્રેરણા આપે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આ સિદ્ધાંતો અપનાવીને નાગરિકો પોતાના જીવનને અર્થપૂર્ણ બનાવી શકે છે અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## SPAIN AIRSPACE BAN

સ્પેને ઈરાન પર હુમલામાં સામેલ અમેરિકી વિમાનો માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું છે. અગાઉ સ્પેને સંયુક્ત રીતે સંચાલિત લશ્કરી થાણાઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પગલાથી અમેરિકી લશ્કરી વિમાનોને સ્પેનિશ હવાઈ ક્ષેત્રને બાયપાસ કરીને પશ્ચિમ એશિયામાં લક્ષ્યો સુધી પહોંચવા માટે વૈકલ્પિક માર્ગો અપનાવવાની જરૂર પડશે. જોકે આ પ્રતિબંધ કટોકટીની પરિસ્થિતિઓમાં લાગુ પડશે નહીં.

સ્પેનના નાણામંત્રી કાર્લોસ કુએર્પોએ જણાવ્યું હતું કે આ પગલું સ્પેનિશ સરકારના એકપક્ષીય અને આંતરરાષ્ટ્રીય કાયદાની વિરુદ્ધ શરૂ કરાયેલા યુદ્ધમાં ભાગ ન લેવાના નિર્ણય સાથે સુસંગત છે. પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે ઈરાન પર અમેરિકા અને ઇઝરાયલી હુમલાઓની નિંદા કરી તેને ગેરકાયદેસર ગણાવ્યા છે.

# DGCA-GSV MOU

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય DGCA અને ગતિ શક્તિ યુનિવર્સિટીએ યુવાનોને ઉડ્ડયન ટેકનોલોજી, વ્યવસ્થાપન અને અન્ય સંબંધિત ઉદ્યોગોમાં તાલીમ આપવા માટે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા.

આ પ્રસંગે બોલતા નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે આનાથી ભવિષ્યમાં ઉડ્ડયન ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિ થશે. શ્રી નાયડુએ કહ્યું કે દેશે છેલ્લા પાંચ વર્ષમાં ખાસ કરીને જાળવણી, સમારકામ અને નવીનીકરણ (MRO) ક્ષેત્રમાં અભૂતપૂર્વ સફળતા મેળવી છે. તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં છેલ્લા 12 વર્ષમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે.

# WB-NOMINATION

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાના પહેલા દિવસે ગઈકાલે કુલ 78 ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્રો ભર્યા હતા. પૂર્વ મેદિનીપુરના નંદકુમાર, મહિષાદલ અને નંદીગ્રામ મતવિસ્તારમાં ત્રણ-ત્રણ ઉમેદવારીપત્રો ભરાયા હતા. પૂર્વ મેદિનીપુરના ખડગપુર મતવિસ્તારમાં પણ ત્રણ ઉમેદવારીપત્રો ભરાયા હતા.

પશ્ચિમ બંગાળમાં વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ પૂર્વ મેદિનીપુર જિલ્લાના નંદીગ્રામ મતવિસ્તારમાંથી પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું.

શ્રી અધિકારી સાથે કેન્દ્રીય મંત્રીઓ  પક્ષના વરિષ્ઠ પદાધીકારીઓ ઉપસ્થિત રહયા હતા. શ્રી અધિકારીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભાજપ આગામી ચૂંટણીઓમાં નિર્ણાયક વિજય મેળવશે.

# SHEETAL DEVI

ભારતના શીતલ દેવીને વિશ્વ તિરંદાજી સંઘ દ્વારા  'પેરા આર્ચર ઓફ ધ યર 2025' તરીકે પસંદ કરાયા છે. જમ્મુ અને કાશ્મીરની 19 વર્ષીય શીતલ દેવીએ દક્ષિણ કોરિયાના ગ્વાંગજુમાં આયોજિત વિશ્વ પેરા તીરંદાજી ચેમ્પિયનશિપમાં મહિલા કમ્પાઉન્ડ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો. તે વિશ્વ પેરા તીરંદાજી ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીતનાર પ્રથમ હાથ વગરની મહિલા તીરંદાજ બની. તેણીએ ચેમ્પિયનશિપમાં ટીમ ઇવેન્ટમાં રજત ચંદ્રક અને મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક પણ જીત્યો હતો.

શીતલ પેરિસ પેરાલિમ્પિક્સમાં મિક્સ્ડ ટીમ કાંસ્ય ચંદ્રક અને એશિયન પેરા ગેમ્સ અને એશિયન ચેમ્પિયનશિપમાં વ્યક્તિગત રજત ચંદ્રક પણ જીત્યો છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજે તમામ અખાબરોમાં ઈરાન અંગેના સમાચારને પ્રાધાન્ય અપાયું છે.
- ગુજરાત સમાચાર લખે છે કે, ઈરાનનો ખાર્ગ ટાપુ, ક્રૂડ ઓઇલ કબ્જે કરવા ટ્રમ્પની ધમકી.
- સંદેશે લખ્યું છે કે, ઈરાનનો હાઈફા રિફાઇનરી પર હુમલો.
- ઈરાન ઉપર થવાનો છે પરમાણુ હુમલો? આ સવાલ સાથે ફૂલછાબે મુખ્યશીર્ષક બનાવ્યું છે.
- નવ ગુજરાત સમયે લખ્યું છે કે, ઈરાન ઝડપથી સંધિ નહીં કરે તો બરબાદ કરી દેવાશે: ટ્રમ્પ
- દિવ્ય ભાસ્કર લખે છે કે, કાલથી વસતી ગણતરીનો પ્રારંભ: જીઓ મેપિંગથી ચોક્કસ સરનામું નોંધાશે, કોઈ ઘર બાકી રહેશે નહીં.

---